# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ જી કે જનરલ હોસ્પિટલ સામે ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૪/૦૦૧ તારીખ:૦૩/૦૧/૨૦૨૪

રજી.એ.ડી. દ્વારા

પ્રતિ

કાનાભાઇ વાલાભાઇ ડાંગર

મુ.પો. ધાણેટી

તાલુકો ભુજ

ભુજ

મોબાઇલ નંબર ૯૮૨૫૫૫૮૨૩૪

વિષય:- વીજ બીલમાં પાછળ થી રકમ ઉધારવા બાબત

સંદર્ભ:- (૧)આપની અરજી નોંધણી નંબર :- પીજી૩/૦૦૬/૨૦૨૩-૨૪

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઇજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો. જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોક્લી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, કુકમા

...કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએ...
સદર નિર્ણયપત્ર...
ના...

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.


પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલહોસ્પિટલસામે, ભુજ

ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮

Email - forumbhuj.pgvcl@gebmail.com.


કેસી/સીજીઆરએફ/૨૦૨૩ તા. / /૨૦૨૩

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG003-006-2023-24

કાનાભાઈ વાલાભાઈ ડાંગર

ગામ:- ધાણેટી,તા.ભુજ જી:-કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

કાર્યપાલકઈજનેરશ્રી,

પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભુજ-કચ્છ............સામાવાળા.

બાબત:- બીલમાં ઉમેરેલ રકમ રદ કરવા અંગે...

અરજદારતરફે:- કાનાભાઈ વાલાભાઈ ડાંગર વતી શ્રી વિક્રમભાઈ કાનાભાઈ ડાંગર

સામેવાળાનાતરફે:- (૧) એન.જે.મે. (કાર્યપાલક ઈજનેર)પીજીવીસીએલ ભુજ વિભાગીય કચેરી

(૨) સી.એસ. પરમાર જુ ઇજનેર પીજીવીએલ કુકમા પેટાવિભાગીય કચેરી

કોરમ:-

(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન

(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર

(૩) આર.સી.પટેલ - મેમ્બર (ટેક)

સુનાવણીસ્થળ:- પીજીવીસીએલ વર્તુળકચેરી, ભુજ

તા.: ૧૮/૧૨/૨૦૨૩

Scanned with OKEN Scanner

# ઠરાવ

આ કામના અરજદારની રજૂઆત એવી છે કે અમો અરજદારે ગામ ધાણેટી મધ્યે તા.૧૫/૦૩/૨૦૧૭ના રોજ પીજીવીસીએલ ની કુકમા પેટા વિભાગીય કચેરીએ રહેણાંકનું નવું વીજ જોડાણ મેળવવા માટે અરજી કરેલ હતી.

પીજીવીસીએલ ની કુકમા પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં.૬૫૦/૨૪-૦૩-૨૦૧૭માં જણાવ્યાનુસાર તેઓ રહેણાંકનું નવું વીજ જોડાણ મેળવવા પાત્ર હોઈ જે અન્વયે રૂ.૪૩૪૩/- રકમ ભરવાપાત્ર થાય છે અને જે તા.૨૪/૦૪/૨૦૧૭ સુધી ભરીને વીજ જોડાણ મેળવી શકો છે.

પીજીવીસીએલ તરફથી મળેલ પત્ર અન્વયે તેઓએ તા.૨૭/૦૮/૨૦૧૭ ના રોજ રૂ.૩૫૦૦.૦૦ ફિક્ષ ચાર્જ રસીદ નંબર XA ૧૮૫૬૨૭ થી તેમજ સિક્યોરીટી ડીપોઝીટ ના રૂ.૮૪૩.૦૦રસીદ નંબર XA ૧૮૫૬૨૬થી ભરપાઈ કરેલ છે.

અરજદારે ઉપરોક્ત રકમ ભર્યા બાદ સદર સ્થળ ઉપરોકત રહેણાકના સાથે નવું વીજ જોડાણ ચાલુ થઈ ગયેલ અને તેઓને નિયમિત લાઈટ બીલ પણ ભરપાઈ કરેલ, પરંતુ બે વર્ષના લાંબા ગાળા બાદ તેઓના વીજ બીલમાં રૂ.૬૬૩૮૯/- રકમ ઉમેરવામાં આવતા પીજીવીસીએલ ની કુકમા પેટા વિભાગીય કચેરીએ રજૂઆત કરતાં સદર રકમ ઉપલી કચેરી દ્વારા ઉધારવામાં આવેલ છે તેવું જણાવેલ.

અરજદાર દ્વારા ઉપરોક્ત રકમ ભરવા તેઓ સક્ષમ ન હોવાનું જણાવતા વીજ કચેરી દ્વારા વીજ જોડાણ રદ કરાવવાનું જણાવેલ પરંતુ કચેરી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

અરજદાર દ્વારા ખેતીવાડીના નવા વીજજોડાણ માટે પીજીવીસીએલ ની કુકમા પેટા વિભાગીય કચેરીએ અરજી કરેલ ત્યારે સદર વીજ કચેરી દ્વારા અરજદારના નામની આગળની પેન્ડીંગ રકમ બાબતે નિરાકરણ આવ્યા બાદ નવા વીજ જોડાણની SR બનાવી શકશે. એમ જણાવેલ

આમ, પીજીવીસીએલ ની કુકમા પેટા વિભાગીય કચેરી દ્વારા બે વર્ષના લાંબા ગાળા બાદ તેઓના વીજ બીલમાં રૂ.૬૬૩૮૯/- રકમ ઉમેરવામાં આવેલ છે જે રકમ રદ કરી યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

**બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.**

અરજદારે ગામ ધાણેટી મધ્યે પીજીવીસીએલની કુકમા પેટા વિભાગીય કચેરીએ તા.૧૫/૦૩/૨૦૧૭ના રોજ દબાણ વાળી જમીન પર નવું રહેણાંકનું સીંગલ ફેઝનું વીજ જોડાણ મેળવવા માટે અરજી કરેલ હતી.

પીજીવીસીએલની કુકમા પેટા વિભાગીય કચેરી દ્વારા ૨૦૧૮માં સ્થળ તપાસ કરતાં અરજદારે દબાણ વાળી જમીન પર નહી પરંતુ ખેતીવાડીની જમીન પર વીજ જોડાણ મેળવેલ હતું.આમ, અરજદારે અરજી કરતી વખતે ઓફિસને ગેરમાર્ગે દોરેલ હતી.

ઉપરોક્ત કનેક્શન ગ્રાહકશ્રી દ્વારા AGRL માલુમ પડતા ગુજરાત ઇલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન પત્ર નં.૧૩૭૮ તા.૨૪/૬/૨૦૧૪ મુજબ ખેતીની જમીનમાં અંદાજ પત્રની ખરેખર રકમ રૂ ૧ લાખની મર્યાદામાં ગ્રાહકશ્રી એ ભરવાપાત્ર થાય છે

આમ, ઉપરોક્ત સરક્યુલરના સંદર્ભ નં.૩ મુજબ ખરેખર અંદાજપત્રની રકમ રૂ.૬૬૩૮૯/- ગ્રાહકશ્રીના રહેણાક ના વીજ કનેકશન ગ્રાહક નંબર ૬૦૫૪૯/૧૦૪૯૭/૯ ના ખાતામાં આઈ.ડી.૨૫૪૩૩૮૬૭ થી તા.૧૬/૧૨/૨૦૧૯ ના રોજ ઉધારવામાં આવેલ છે જે ગ્રાહક દ્વારા આજદીન સુધી ભરપાઈ કરવામાં આવેલ નથી. વધુમા પીજીવીસીએલ તરફથી ઉપરોકત ગ્રાહક ના સ્થળ નુ રોજકામ રજુ કરવામાં આવેલ છે અને સદરહુ રોજકામ માં ફરિયાદી ના વીજ કનેકશન ને પાવર સપ્લાય એજી ફીડર માંથી આપવામાં આવે છે તેમ દર્શાવેલ છે , અને તદઉપરાંત ઉપરોકત અરજદારની ખેતીવાડી જમીન માં દબાણ ની જમીન ના આધારે જે R/L નુ વીજ કનેકશન આપવામાં આવેલ તે બાબતે પીજીવીસીએલ કપની ના સંબધીત અધિકારીઓ સામે ખાતાકીય કાર્યવાહી કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે

## ફોરમ નુ તારણ

બન્ને પક્ષકારો ની રજુઆત જોતા સદરહુ ફરિયાદ પીજીવીસીએલ દ્વારા સદરહુ જગ્યા પર અપાયેલ R/L નુ વીજ કનેકશન જે ખેતીવાડી ની જમીન પર આપવાના સદરહુ કનેકશન માં ચાર્જ લેવા પાત્ર થાય છે તેમને જગ્યાએ અન્ય જમીનમાં જે ભાવે કનેકશન આપવામાં આવે છે તે મુજબ અપાતા અને પાછ્ળ થી વડી કચેરી ની વીઝીટ રીપોર્ટ ના આધારે સદરહુ ફરિયાદી ના લેજર માં પીજીવીસીએલ દ્વારા ઉધારેલ તફાવત મી રકમ રૂ.૬૬૩૮૯/-થી સદરહુ ફરિયાદ ઉદભવેલ છે

ઉપરોકત કેસમાં સદરહુ ફરિયાદી દ્વારા ખેતીવાડી ની જમીન ની જગ્યાએ દબાણ આધારીત જમીન ના આધારો રજુ કરી જે કનેકશન મેળવેલ તે પીજીવીસીએલ ને ગેરમાર્ગે દોરેલ છે અને આ બાબતે પીજીવીસીએલ દ્વારા જવાબદાર અધિકારીઓ સામે ખાતાકીય પગલાની કાર્યવાહી પણ કરવામાં આવેલ છે

ઉપરોકત બાબતો જોતા અત્રેનુ ફોરમ નીચે મુજબ ના નિર્ણય પર આવે છે

(૧) પીજીવીસીએલ દ્વારા સદરહુ ફરિયાદી ના ખાતા મા ઉધારવામાં આવેલ ભાવપત્રક તફાવત ની રકમ રુ ૬૬૩૮૯/- નિયમમુજબ અને ભરવાપાત્ર છે અને વધુ માં વર્ષ ૨૦૧૯ મા ઉધારવામાં આવેલ સદરહુ રકમ ની વસુલાત માટે પીજીવીસીએલ દ્વારા કોઇ નકકર કાર્યવાહી કરાવામાં આવેલ નથી તેમની અત્રેનુ ફોરમ ગંભીર નોંધ લે છે.

## -: હુકમ:-

- ઉપરોકત ક્રમ ૧ મુજબ મુજબ હુકમ કરવામાં આવી છે
- ફરિયાદી ની અરજી નામંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી
- આ હુકમ આજ તા.૧૮/૧૨/૨૦૨૩ ના રોજ જાહેર કર્યો .

| | | |
|---|---|---|
| (આર.જી.કુંપાવત) | (આર.સી.પટેલ ) | (એન.સી.મકવાણા) |
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેરપર્સન |



Scanned with OKEN Scanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ

**નોંધ:**

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- ૩૦માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું : જીલ્લા સેવા સદન -૩ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬૦૦૦૧, ફોન નં.૦૨૮૧-૨૯૯૪૧૨૫



Scanned with OKEN Scanner